# રાજ્ય વ્યવસ્થા – શબ્દાવલી

- ઉત્તર–દક્ષિણ સંવાદ (North-South Dialogue) – ઉત્તરી ગોળાર્ધમાં સ્થિત વિકસિત દેશો તથા દક્ષિણિ ગોળાર્ધના વિકાસશીલ દેશોના અરસપરસના સંબંધોને લઇ જે સંવાદ થાય તેને ઉત્તર–દક્ષિણ સંવાદ કહે છે. (ઉત્તરી ગોળાર્ધના વિકસિત દેશોમાં સામ્યવાદી દેશોનો સમાવેશ કરવામાં નથી આવતો)
- એક ન્યાયપાલિકા (Single Judiciary) – આ કોઇ દેશની ન્યાયપાલિકાનું એક રૂપ છે. આ પ્રકારની રચનામાં ન્યાયપાલિકાની રચના પિરામિડ આકરાની હોય છે. નાના ન્યાયાલયો પોતાનાથી મોટા ન્યાયાલયના સંરક્ષણમાં કાર્ય કરે છે. દેશના બધા ન્યાયાલયોમાં એક સર્વોચ્ચ (સુપ્રિમ) ન્યાયાલય હોય છે.
- કામ રોકો પ્રસ્તાવ (Adjournment Motion) – આ પ્રસ્તાવ દ્વારા સાર્વજનિક મહત્વના કોઇ આવશ્યક વિષય પર સંસદના કોઇ સદનમાં તાત્કાલિક વિચાર કરવા માટે કહી શકાય છે. જો સદન તે વિચારનો પ્રસ્તાવ સ્વીકાર કરી લે તો નિશ્ચિત કાર્યક્રમને સ્થગિત કરી સંબંધિત આવશ્યક વિષય પર વિચાર કરવામાં આવે છે.
- ૭૭નો સમૂહ (Group of 77) – આ સમૂહ એ ૭૭ વિકાસશીલ દેશોનો સમૂહ છે જેની સ્થાપના ૧૯૬૪માં પ્રથમ સંયુક્ત રાષ્ટ્ર વ્યાપાર તથા વિકાસ સમ્મેલન દ્વારા કરવામાં આવી હતી. તે સમયે તેમાં ૭૭ દેશોએ ભાગ લીધો હતો તેથી તેનું નામ ૭૭ નો સમૂહ છે. હાલ આ સમૂહમાં દેશોની સંખ્યા ૭૭ કરતા વધુ છે.
- દક્ષિણ–દક્ષિણ સહયોગ (South0South Co-operation) – આ સહયોગ દક્ષિણ ગોળાર્ધમાં સ્થિત સંસારના વિકાસશીલ દેશોના પારસ્પરિક સંબંધો તથા સહયોગ માટે છે. આ સહયોગમાં રાજનીતિક, આર્થિક અને સામાજિક પક્ષો છે.
- ધ્યાનાકર્ષણ નોટિસ (Calling Attention Notice) – વિધાયિકાના સદસ્યો સાર્વજનિક મહત્વના કોઇ અતિ–આવશ્યક વિષય તરફ સંબંધિત મંત્રીનું ધ્યાન દોરવા માટે આ પ્રકારની નોટિસ રજૂ કરી શકે છે. આવી નોટિસ સંસદ અથવા રાજ્ય વિધાનસભાના કોઇપણ સદનમાં પ્રસ્તુત કરી શકાય છે જેથી સરકાર ઝડપથી તે વિષય પર ધ્યાન આપી શકે.
- નિઃશસ્ત્રીકરણ (Disarmament) – બધી પ્રકારના શસ્ત્રોને ઓછા કરવા, તેના પર નિયંત્રણ લાવવાની પ્રક્રિયાને નિઃશસ્ત્રીકરણ કહે છે. તેનો ઉદેશ્ય યુદ્ધો ટાળવાનો અને શાંતિ સ્થાપિત કરવાનો છે.
- માનવ અધિકાર (Human Rights) – મનુષ્યની સામાજિક પ્રકૃતિમાં અમુક અધિકારો નિહિત છે. આવા પાયાના અધિકારોને માનવ અધિકાર કહે છે. આ એવા અધિકારો છે જેના વિના માનવનો જરૂરી વિકાસ અસંભવ છે. માનવ અધિકાર એવા અધિકારો છે જે પ્રત્યેક મનુષ્યના જીવન માટે આવશ્યક છે તથા કોઇપણ સભ્ય સમાજ પોતાના નાગરિકોને આ અધિકારોથી વંચિત કરી શકે નહી.
- વિકાસશીલ દેશ (Developing Country) – એશિયા, આફ્રિકા તથા લેટિન અમેરિકાના એવા દેશો જેઓએ પોતાના વિકાસની પ્રક્રિયાનો આરંભ કરી દીધો છે પણ જેના નિવાસી હજુ પણ સંસારના સામાન્ય જીવન સ્તરથી નીચે જીવન જીવી રહ્યા હોય તેવા દેશોને વિકાસશીલ દેશ કહે છે.

Monday Musings

Downloaded from http://mm.rijadeja.com 